# ECHO OF HIS CALL

## સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE (ECHO GROUP)

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. Pankaj C. Wadia

VOL: XXIV | YEAR OF OUR LORD JESUS CHRIST, MARCH 2022 | NO: 01


**પવિત્ર બાઈબલ**
**કૃપા કરી આ ભાગ મોઢે કરો**
**પ્રભુની સ્તુતિ થાઓ!!**
ગીતશાસ્ત્ર ૯૭:૧-૯

૧. યહોવા રાજ કરે છે; પૃથ્વીના લોકો હરખાઓ; ટાપૂઓનો સમૂહ આનંદ પામો.

૨. મેઘો તથા અંધકાર તેની આસપાસ છે; ન્યાયીપણું તથા ઈનસાફ તેના રાજ્યાસનનો પાયો છે.

૩. તેની આગળ અગ્નિ ચાલે છે, તે તેની આસપાસ તેના શત્રુઓને બાળી નાખે છે.

૪. તેની વીજળીઓએ જગતને પ્રકાશિત કર્યું; તે જોઈને પૃથ્વી કાંપી.

૫. યહોવાની સંમુખ, આખી પૃથ્વીના પ્રભુની સંમુખ, પર્વતો મીણની પેઠે પીગળી ગયા.

૬. આકાશો તેનું ન્યાયીપણું પ્રગટ કરે છે, સર્વ લોકોએ તેનો મહિમા દીઠો છે.

૭. કોરેલાં પૂતળાંની સેવા કરનારાઓ, અને મૂર્તિઓમાં અભિમાન કરનારાઓ, તેઓ સર્વ ફજેત થાઓ. હે સર્વ દેવો, તમે તેને ભજો.

૮. હે યહોવા, તારાં ન્યાયના કાર્યો વિષે સાંભળીને સિયોન આનંદ પામ્યું, અને યહૂદિયાની દીકરીઓ હરખાઈ.

૯. હે, યહોવા, તું આખી પૃથ્વી પર પરાત્પર છે, તું સર્વ દેવો કરતાં શ્રેષ્ઠ છે.

# દ્રાક્ષાવેલો, અંજીરી તથા જૈતવૃક્ષ!

**The Vine, the Fig and the Olive!**

*ભાઈ એમ. પોલરાજ*

આ ત્રણ છોડ/ઝાડ ઈસ્રાએલલોકોનાં જીવનમાં એકમેકની સાથે સંકળાયેલા છે, જેવી રીતે તામિલનાડુમાં ડાંગરનું ખેતર, નારીયેળી તથા કેળ એકમેક સાથે સંકળાયેલા છે.

ઈસ્રાએલ પર્વતો તથા ખીણોનો દેશ છે, જેઓ આકાશમાંથી વરસતું પાણી પીએ છે. પણ આવું મિસરની બાબતમાં ન હતુ જ્યાં ઈસ્રાએલીઓ ૪૩૦ વર્ષ ગુલામગીરીમાં હતા. મિસરમાં ઈસ્રાએલીઓ તેમના બી વાવતા હતા અને તેને પગથી પાણી પાતા હતા, શાકભાજીની વાડીની પેઠે, ત્યાં દેશને નાઈલ નદીથી પાણી પુરૂ પાડવામાં આવે છે. (પૂનર્નિયમ ૧૧:૧૦, ૧૧)


ઉપરોક્ત ત્રણ છોડ/ઝાડ ઈસ્રાએલ દેશની મુખ્ય પેદાશ છે. આ સ્પષ્ટ છે કે હબાક્કુકના પુસ્તકમાં પ્રબોધકે જાહેર કર્યું હતું કે, ''જો કે અંજીરીને મોર ન આવે, ને દ્રાક્ષાવેલાઓને દ્રાક્ષા ન લાગે, જૈતૂનની પેદાશ ન થાય, ખેતરોમાં કંઈ અન્ન પાકે નહિ; વાડામાંથી ઘેટાંબકરાં નાશ પામે, ને કોડમાં કંઈ ઢોરઢાંક રહે નહિ; તે પણ હું યહોવામાં હર્ષ પામીશ, હું મારા મોક્ષદાતા દેવમાં આનંદ કરીશ,'' (હબાક્કુક ૩:૧૭, ૧૮) તેની જાહેરાત હતી કે જો તે બધા જીવન તથા દેશની આર્થિક સ્થિતિ ટકી રહે જેમાં દ્રાક્ષાવેલા, અંજીરી તથા જૈતવક્ષ નિષ્ફળ જાય તો તે યહોવા પ્રભુમાં આનંદ કરશે. આ વૃક્ષો અને છોડો ઈસ્રાએલમાં જીવન ટકાવી રાખતા હતા.

ઈસુ ખ્રિસ્તે તેમની સેવા દરમિયાન, તેમના ઉપદેશોમાં ઘણી વખત આ છોડો/વૃક્ષોનો ઉલ્લેખ કર્યો છે. ઈસુએ કહ્યું, ''હું તો દ્રાક્ષાવેલો છું, ને તમે ડાળીઓ છો; જે મારામાં રહે છે, અને હું તેનામાં, તે જ ઘણાં ફળ આપે છે; કેમ કે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી.'' (યોહાન ૧૫:૫). જેમ આપણે કાના ગામના લગ્નમાં જોઈએ છીએ, તેમ દ્રાક્ષારસ ઈસ્રાએલના લગ્નમાં ખાસ વાનગી હતી, જ્યાં ઈસુની માને, ઈસુને અને તેમના શિષ્યોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. (યોહાન ૨:૧,૨). માથ્થી ૨૪:૩૨માં આપણે જોઈએ છીએ છે કે ઈસુ ઉલ્લેખ કરે છે જ્યાં અંજીરી પર લીલા પાંદડા ફૂટ્યા હોય છે, ત્યારે તે ઉનાળાની નિશાની છે. જ્યારે નૂહે બીજી વખત કબૂતરને બહાર મોકલ્યું હતું, ત્યારે તે સાંજે તેની પાસે આવ્યું ત્યારે તેની ચાંચમાં જૈતવૃક્ષનું તોડેલું એક પાતરું હતું, જે દર્શાવતું હતું કે પૃથ્વી પરથી પાણી ઓસર્યા હતા! (ઉત્પતિ ૮:૧૧). છેલ્લું રાત્રી ભોજન કર્યા પછી, ઈસુ અને તેમના શિષ્યોએ ગીત ગાયું અને પછી જૈતૂનના પહાડ પર ગયા હતા. (માર્ક ૧૪:૨૬). આમ, દ્રાક્ષાવેલો, અંજીરી તથા જૈતવૃક્ષ

(અનુસંધાન પાન ૩ પર)

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*



> "...હું પૃથ્વીનાં ઉચ્ચસ્થાનો પર તને સવારી કરાવીશ;
> અને તારા પિતા યાકૂબના વારસાથી હું તારું પોષણ કરીશ;
> કેમ કે યહોવાનું મોં એવું બોલ્યું છે." (યશાયા ૫૮:૧૪)



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.


**CHIEF EDITOR**
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Bro. M. Paulraj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.

**EDITOR, PUBLISHER & PRINTER**


Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**E.mail ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His call


ખ્રિસ્તમાં વહાલા મિત્રો,

આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તના અનુપમ નામમાં પ્રેમી સલામ.

હું આશા રાખું છું કે ઈશ્વર કૃપાથી તમે અને તમારા વહાલાઓ સારું કરી રહ્યા છો. હું અને મારા સાથી કાયકરો તમને અને તમારી જરૂરીયાતોને દરરોજ કૃપાના સિંહાસન આગળ લાવીએ છે. અમે જાણીએ છીએ કે તમને ઈશ્વરની ખાસ સુરક્ષાની જરૂર છે, કેમ કે મોટી હોનારત દુનિયામાં થઈ રહી છે. દરેક દેશના લોકો મોટા ભયની વચ્ચે જીવી રહ્યા છે.

દરરોજ અમને ઘણા ભાઈઓ તથા બહેનો તરફથી પ્રાર્થના વિનંતીઓ મળે છે. અમે કોઈપણ પ્રાર્થના વિનંતીની ઉપેક્ષા ર્ક્યા વગર, તેમના માટે પ્રાર્થના કરીએ છીએ, જે અમને પોસ્ટ કાર્ડ, ફોનથી, પત્રથી, ઈમેલથી વગેરે મારફત મળે છે. તમારા જેવા ભાઈઓ તથા બહેનોના જીવનમાં ઈશ્વર ખરેખર કામ કરી રહ્યા છે.

સામાન્ય રીતે ભયને કારણે અને જે વાઈરસ તાવ દુનિયાભરમાં થઈ રહ્યો છે, તેને પરિણામે દુનિયાભરમાં મોટી સંખ્યામાં ઈશ્વરના સેવકો અને વિશ્વાસીઓએ તેમની આત્મિક ઝડપ ઘટાડી છે. શું તમે તેમાંના એક છો? તે સારું નથી. ભૂતકાળમાં તમારા જીવનમાં ઘડેલી અદ્દ્ભૂત બાબતો વિશે તમે વિચાર કરવો જોઈએ. તમે કદાચ તમારા સૂરક્ષારક્ષક ઈસુ ખ્રિસ્તને દુઃખી કયા હશે કે તેમનો વિશ્વાસઘાત ર્ક્યો હશે, તમારી પ્રાર્થનાહિનતાને કારણે, તમારી મંડળીને અને તમારા પાળકને અવગણીને, તમારા દાનોમાં અને અર્પણોમાં અપ્રમાણિક રહીને, વગેરે. હવે પ્રભુ ઈશ્વર તમારા આત્માને જગાડી રહ્યા છે અને તમને તમારી પરિસ્થિતિમાંથી આ સંદેશા મારફત આગળ વધારી રહ્યા છે.

કૃપા કરીને આભારી હૃદય સાથે તમારી આત્મિક પ્રવૃત્તિઓ ફરી શરૂ કરો કેમ કે ઈશ્વરે આ દુનિયાના જોખમોથી તમને બચાવ્યા છે. તેઓ નક્કી તમારી જરૂરીયાતો પૂરી પાડશે. તેઓ તમને આવનાર દિવસોમાં ફળદાયી જીવન જીવવા માટે દોરવણી પૂરી પાડશે. અમારી પ્રાર્થનાઓ સાથે અમે તમને ટેકો આપીએ છીએ.

દુનિયાભરમાં થઈ રહેલી સર્વ બાબતો આપણને દુનિયાનો ન્યાય કરવા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના બીજા આગમનની યાદ અપાવે છે. આપણામાંના દરેક જણે ઈશ્વર આગળ ન્યાયચૂકાદા માટે ઊભા રહેવું પડશે. ભલા ઈશ્વર તમને જરૂરી કૃપા આપો.

કૃપા કરીને **ઈકો ઓફ હીજ કોલ** માટે પ્રાર્થના કરશો અને તેને સહાય કરશો. ખરેખર આ તમારી પ્રાર્થનાઓનો અને સહાયતાનો યોગ્ય સમય છે. અમારા વહાલા સાથી ભાઈ એમ. પોલરાજ અને પાળક એમ. મુથ્થુને તેમની બિમારીઓમાંથી ઝડપી સાજાપણાની ખાસ પ્રાર્થનાઓ માટે અમે તમને વિનંતી કરીએ છીએ.

અત્યારે અમારા ચર્ચો, શાળા, નિવાસી બાઈબલ કોલેજ હજી શરૂ થવાના છે. તેમના સારા વ્યવસ્થાપન માટે પ્રાર્થના કરવાની કૃપા કરશો. આગળ, આ મહામારીની ભયાનક

અસરને ધ્યાનમાં રાખીને, કૃપા કરીને વ્હાઈરસ તાવની નાબૂદી માટે અને દુનિયાભરના સર્વ દેશોના લોકોની પૂનઃસ્થાપના માટે પ્રાર્થના કરશો.

જો તમને સમય મળે તો, તમે અમારા તરફથી તાજા સમાચારો મેળવવા માટે **ઈકો ઓફ હીજ કોલ યૂટ્યૂબ ચેનલ** પણ જોઈ શકો છો. અમે તમને ઘણો પ્રેમ કરીએ છીએ અને તમારા ભલા માટે રસ ધરાવીએ છીએ.

ઈશ્વર તમને આશીર્વાદ આપો.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**
**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**
(+91) 98412 71858 / 98410 71858
E.mail : samselvaraj333@gmail.com

(પાન ૧ પરથી આગળ...)

ઈસ્રાએલ લોકોના જીવનમાં અવિભાજ્ય અંગ હતા.

## દ્રાક્ષાવેલો

તું મિસરમાંથી દ્રાક્ષાવેલો લાવ્યો;
તેં વિદેશીઓને હાંકી કાઢીને તેને રોપ્યો
તેં તેને વાસ્તે જગા તૈયાર કરી,
તેની જડ બાઝી, ને તેથી દેશ ભરપૂર થયો.
તેની છાયાથી પર્વતો ઢંકાયા,
તેની ડાળીઓ દેવનાં દેવદારો જેવી હતી.
તેણે પોતાની ડાળીઓ સમુદ્ર સુધી,
અને ડાંળખીઓ નદી સુધી, પ્રસારી
તેં તેની વાડ એવી રીતે કેમ તોડી છે કે,
સર્વ વટેમાર્ગુઓ તેને ચૂંટી લે છે?
ડુક્કર જંગલમાંથી આવીને તેને બગાડે છે,
અને રાની પશુઓ તેને ખાઈ જાય છે.
હે સૈન્યોના દેવ, કૃપા કરીને પાછો આવ;
આકાશમાંથી નજર કર, અને આ દ્રાક્ષાવેલાની મુલાકાત લે.
જે દ્રાક્ષાવેલો તેં તારે જમણે હાથે રોપ્યો છે,
અને જે પુત્રને તે તારે સારુ બળવાન કર્યો છે,
તેનું રક્ષણ કર.
(ગીતશાસ્ત્ર ૮૦:૮-૧૫)

અહિં યહોવા પ્રભુ દ્રાક્ષાવેલો મિસરમાંથી કાઢી લાવ્યા હતા, દેશોને કાઢી મૂક્યા હતા અને કનાનમાં રોપ્યો હતો. ઈશ્વર તેની પાસેથી સારા ફળોની અપેક્ષા રાખતા હતા. પણ અરે, તેણે નઠારા ફળો આપ્યા હતા; તે ઊંડે સુધી રોપાયો હતો અને દેશને ભરી દીધો હતો. દેશો પર તેનો પ્રભાવ ફેલાયો હતો અને તે સર્વોચ્ચ શાસન કરતો હતો. તેથી યહોવા પ્રભુએ વાડો તોડી નાખી હતી અને લોકો તેમાંથી અંદર આવીને તેમની ઈચ્છા મુજબ ફળો લૂટી લેતા હતા અને રીંછ તથા જંગલી પશુઓએ તેના મૂળીયા ઉખેડી નાખ્યા હતા કેમ કે યહોવા પ્રભુએ વાડો તોડી નાખી હતી. આસાફ પ્રબોધકે યહોવા પ્રભુને તુટેલી વાડ જોવા માટે આજીજી કરી અને યહોવા પ્રભુને તેની મુલાકાત લેવા આજીજી કરી હતી.

યહોવા પ્રભુની દ્રાક્ષાવાડી ઈસ્રાએલનું ઘર છે. (યશાયા ૫:૭). ઈશ્વર તેમના પસંદ કરેલા લોકોને મૂસાની આગેવાનીમાં મિસરમાંથી બહાર કાઢી લાવ્યા હતા, જ્યાં તેઓ ગુલામીમાં હતા. તેમણે કનાનીઓને હાંકી કાઢ્યા હતા અને તેમના લોકોને વસાવ્યા હતા. તેઓ કનાન દેશમાં ઘણા વધ્યા હતા અને દાઉદની આગેવાનીમાં દેશ મજબૂત બન્યો હતો. તેણે તેના શત્રુઓ પર વિજય પ્રાપ્ત કર્યો હતો અને તેમને ખંડણી આપવા મજબૂર કર્યા હતા. તેનું નામ દૂર સુધી અને બધે સર્વ દેશોમાં ફેલાયુ હતું. પણ સુલેમાન રાજાના રાજ્ય દરમિયાન દેશની પડતી શરૂ થઈ હતી, જ્યારે તે તેની વિદેશી સ્ત્રીઓને કારણે વિદેશી દેવોની પાછળ ભટકી ગયો હતો. તેના દીકરા રહાબઆમના રાજ્ય દરમિયાન દેશ બે ભાગોમાં, ઈસ્રાએલ તથા યહૂદિયામાં વહેંચાઈ ગયા હતો.

ઈસ્રાએલ લોકોએ સમરૂનને તેનું પાટનગર બનાવ્યું હતું અને યહુદિયાએ યરૂશાલેમને. ઈસ્રાએલના રાજા યરોબઆમે બે સોનાના વાછરડા બનાવ્યા હતા અને તેમને દાન તથા બેરશેબામાં મૂક્યા હતા. તેણે કહ્યું કે તે તેઓના દેવો છે જે તેમને મિસરમાંથી છોડાવી લાવ્યા છે, અને આમ સૈન્યોના ઈશ્વર યહોવા પ્રભુને નકાર્યા હતા, જેમણે તેઓને ફારૂનના હાથમાંથી છોડાવ્યા હતા. જો કે તેમને મૂસા તથા યહોશુઆએ દોર્યા હતા, જેમને યહોવા પ્રભુએ પસંદ કર્યા હતા, તો પણ તે તો ખરેખર યહોવા પ્રભુએ તેમને દોર્યા હતા, રાજાઓને હાંકી કાઢ્યા હતા અને વચનના દેશમાં, કનાનમાં રોપ્યા હતા. વખત જતા, તેમણે સર્વશક્તિમાન ઈશ્વરનો નકાર કર્યો હતો અને વિધર્મી દેવોને પૂજ્યા હતા. તેમણે દરેક ઝાડ તથા ઉચ્ચસ્થાનોમાં મૂર્તિઓ બેસાડી હતી અને તેમની તેમના દેવો તરીકે પૂજા કરી હતી. આ વિશ્વાસઘાતમાં ઈસ્રાએલ યહૂદિયા કરતા આગળ હતા! યહોવા પ્રભુએ તેમના કોપમાં, તેઓને અજાણ્યા રાજાઓના હાથમાં વેંચી દીધા હતા! ઈ.સ.

**Statement about ownership and other particulars about the Newspaper Echo of His Call (Gujarati) - Form IV (See Rule 8)**

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | **New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah Sahib 2nd Street, Chepauk, Chennai - 600 005.** |
| 2. Periodicity | : | **Monthly** |
| 3. Printer, Editor, Owner & Publisher | : | **S. Sam Selva Raj** (Same Address) |
| 4. Nationality | : | **Indian** |

I **S. Sam Selva Raj**, hereby that the particulars given above are true to the best of my knowledge and belief.

**March 2022** **S. Sam Selva Raj.**

પૂર્વે ૭૨૨માં આશરરીઓ ઈસ્રાએલને પકડીને લઈ ગયા અને યહૂદિયાને ખાલ્દીઓ ઈ.સ.પૂર્વે ૫૮૬માં.

આ બાબતો થઈ કારણ કે તેમણે સર્વશક્તિમાન ઈશ્વરનો નકાર કર્યો હતો અને અજાણ્યા દેવોની પાછળ ભટકી ગયા હતા. આ દેશને જોઈને આસાફ પ્રબોધકે વિલાપ કર્યો હતો, જે કચરાનો ઢગલો થઈ ગયુ હતુ કારણ કે તેમના વિશ્વાસઘાતને લીધે યહોવા પ્રભુએ ચોકીદાર કાઢી નાખ્યો હતો.

જે દ્રાક્ષાવેલા પાસેથી સારા ફળોની અપેક્ષા રાખવામાં આવી હતી, તેણે નઠારા ફળો આપ્યા હતા! અને પોતાનો નાશ નોતર્યો હતો.

આજે પણ લોકો ઈસુના રક્ત મારફત ઈશ્વરની હજૂરમાં આવે છે, થોડો સમય ચમકે છે, પછી ઈશ્વરની હજૂરમાંથી જતા રહે થે અને શેતાનના કબજામાં આનંદ માણે છે. તેઓ ભાગ્યે જ સમજે છે કે શેતાન તેમને નાશ તરફ દોરી જાય છે કેમ કે તે ચોર છે જે ચોરી કરવા, મારી નાખવા તથા નાશ કરવા આવે છે. (યોહાના ૧૦:૧૦) આપણે સતર્ક રહેવું જોઈએ, નહિ તો આપણે આપણા પૂર્વજોના ભાવિનો સામનો કરીશું.

દ્રાક્ષાવેલો પ્રેમાળ તથા ગમવા યોગ્ય છોડ છે જે ફળો આપે છે. ખેડૂતો જમીનને તૈયાર કરવા, તેને ખોદવા અને ખાતર નાખવા સખત મહેનત કરે છે. જ્યારે છોડ વધે છે તેને મંડપો પર વધવા ફેલાવવો પડે છે. જે ડાળીઓ ફળો આવશે નહિ, તેમને કાપી નાખવી પડશે. અને ફળો આપતી ડાળીઓને જ ફક્ત વધવા દેવી પડશે. ખેડૂત ડાળીઓને બરાબર ઓળખી કાઢે છે. ઈસુએ કહ્યું, ‘‘હું ખરો દ્રાક્ષાવેલો છું અને મારે બાપ માળી છે. મારામાંની હરેક ડાળી જેને ફળ આવતાં નથી, તેને તે કાપી નાખે છે, અને દરેક ડાળી જેને ફળ આવે છે, તેને વધારે ફળ આવે માટે તે તેને શુધ્ધ કરે છે.’’ (યોહાન ૧૫:૧, ૨).

દ્રાક્ષાવેલાની જેમ, સોપારી ભારતના વિવિધ ભાગોમાં ઉગે છે, ખાસ કરીને તામિલનાડૂમાં. તે પણ દ્રાક્ષાવેલાની જેમ વધે છે. મારા એક સંબંધીને ત્યાં સોપારીનો બાગ છે. તે બાગની જમીન ખાસ પસંદ કરીને તૈયાર કરવામાં આવી હતી. ઉપરની માટી ૪ થી ૫ ફૂટ સુધી કાઢી નાખવામાં આવી હતી અને બીજી માટી બરાબર ખોદવામાં આવી હતી અને બીજી જગ્યાએ ખાસ માટી રેતી સાથે મિશ્રિત કરીને ત્યાં ૨ થી ૩ ફૂટ સુધી ભરવામાં આવી હતી. એટલી કાળજી લેવામાં આવી હતી કે બીજી ઝાડનાં મૂળીયાં બાગમાં તેની પાસે જવા ન જોઈએ. સીધા ચાસ પાડવામાં આવ્યા હતા અને સારી માટી રેતી સાથે મિશ્રિત કરીને તેમાં ભરવામાં આવી હતી. પછી રોપા (સોપારીની ડાળીનો એક ભાગ) થોડા થોડા અંતરે રોપવામાં આવ્યા હતા. તેને સારી રીતે પાણી પાવામાં આવતું હતું અને વિશેષ કાળજી લેવામાં આવતી હતી કે પાણી થોભે નહિ. રોપા ખીલ્યા અને વધવાનું શરૂ કર્યુ હતું. મોટા થયેલા દ્રાક્ષાવેલાને લાકડીનો ટેકો આપવામાં આવ્યો હતો. લાકડી મોટે ભાગે કોઈ હલકા ઝાડોની ડાળીઓ હોય છે, જેવું કે કપાસનું, શેકટાનું ઝાડ અને જંગલી શેકટો. કપાસના ઝાડો જ્યારે મોટા થાય છે ત્યારે ફળો આપે છે અને પૂર્ણપણે વધેલા સૂકા થાય છે ત્યારે તેની અંદર કપાસ ભરાય છે. કપાસ તકીયા અને ગાદલા બનાવવા વપરાય છે. શેકટાનું ઝડ એક જાણીતું ઝાડ છે જે પાંદડા અને ફળો આપે છે. પાંદડા શકાભાજી તરીકે (લીલા) વપરાય છે અને કુમળા ફળો તે પાકી જાય તે પહેલા કાપી લેવામાં આવે છે. કુમળા ફળો (શેકટાની શિંગો) હોટેલોમાં અને ઘરોમાં એક સારી વાનગી છે. જંગલી શેક્ટો પાંદડાના ખાતર તરીકે જ ફક્ત વપરાય છે અને તેના મજબૂત સોટાઓ હોડીઓ અને તરાપા બનાવવા વપરાય છે. કેટલાક લોકો કેળાના રોપા પણ ઉગાડે છે જે એક વધારાની આવકનું સાધન બને છે. યુવાન સોપારીના પાંદડા એક આવકનો પાક ગણાય છે. તેનો વૈદકિય હેતુ માટે વાપર થાય છે. લોકો સોપારી અને ચૂના સાથે તેને ચાવીને ખાય છે. મોટા ભાગે ઘરડા લોકો તેને આદત તરીકે વાપરે છે. કેટલાક તેના બંધાણી પણ હોય છે.

શુધ્ધતા લગભગ જાળવવામાં આવે છે. સર્વ લોકોને સર્વ સમયે ખાસ કરીને. સ્રીઓને સુપારીના બાગમાં જવા દેવામાં આવતા નથી.

## દ્રાક્ષાવાડીમાં અંજીરી :

એકવાર ઈસુએ દ્રાક્ષાવાડીમાં અંજીરી પર દાખલો આપ્યો હતો. તેમણે તેના પર

....Contd. to page 6


# નહેમ્યાહ બાઈબલ

**નીવાસી અને સાંધ્ય કોલેજ**

વેલાચેરી / ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ

**માધ્યમ : हिंदी/तामिल**

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ★ ECHO OF HIS CALL ★ Estd.: 1969

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA

આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો

દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

**ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ**

**ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ**

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!** મહેરબાની કરીને સંપર્ક કરો

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ઓનલાઈન કલાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS

ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ માર્ચ ૨૦૨૨ થી ૧૮ એપ્રિલ ૨૦૨૨ સુધી**

(મહેરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ઈશ્વર કાર્ય કરે છે. સ્તુતિનાં મુદ્દાઓ

- ૧૯ માર્ચ : ઈશ્વરની સ્તુતિ થાઓ જેઓ અમારા વહાલા ભાઈ એમ. પોલરાજની (સહ સંપાદક) અને પાળક એમ. મુથ્થુની (અધ્યક્ષ નહેમ્યા બાઈબલ કોલેજ) આરોગ્યની કાળજી લઈ રહ્યા છે.
- ૨૦ માર્ચ : અમારા બાઈબલકોર તથા ઈશ્વરવિદ્યા પત્રવ્યવહાર અભ્યાસક્રમો પર આશીર્વાદો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.
- ૨૧ માર્ચ : ૧૯૬૯થી અમારા સામયિક મિનિસ્ટ્રીની સમર્પિત સેવા પર તેમના આશીર્વાદો માટે ઈશ્વરનો આભાર.
- ૨૨ માર્ચ : અમારા સામયિક મિનિસ્ટ્રી મારફત વણખેડાયેલા જૂથો સુધી સુવાર્તા પહોંચાડવાના તેમના આશીર્વાદ માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.
- ૨૩ માર્ચ : અમારા પાછલા મહિનાની જરૂરીયાતો પૂરી પાડવા માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.
- ૨૪ માર્ચ : વિવિધ સેવાઓની મિનિસ્ટ્રીજ મારફત સુવાર્તા ફેલાવવા અમારા વડિલ પાળકની વચનબધ્ધતા માટે ઈશ્વરનો આભાર.
- ૨૫ માર્ચ : ઈકો ઓફ હીજ કોલના સહસંપાદકો અને તેમના પરિવારો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.
- ૨૬ માર્ચ : અમારા નહેમ્યા બાઈબલ કોલેજો પરના આશીર્વાદો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.
- ૨૭ માર્ચ : અમારા સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળાના આચાર્ય, શિક્ષકો અને અન્ય કર્મચારી સભ્યો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.
- ૨૮ માર્ચ : અમારા સુવાર્તા છાપખાના માટે તેના કાર્યક્ષમ કર્મચારીઓ સાથે તેમની સતતની પ્રવૃતિઓ માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.
- ૨૯ માર્ચ : અમારા રાજ્ય કો-ઓર્ડિનેટરો અને તેમના પરિવારો માટે સ્તુતિ કરીએ.
- ૩૦ માર્ચ : કોવિડ-૧૯ સમયગાળામાં અમારી ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ પરની સર્વ પ્રવૃત્તિઓ પર ઈશ્વરના આશીર્વાદો માટે સ્તુતિ કરીએ.
- ૩૧ માર્ચ : અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો, અને મહાન આદેશના ભાગીદારોને અને તેમના કુટુંબના સભ્યોને માટે ઈશ્વરની સ્તુતિ કરીએ.
- ૦૧ એપ્રિલ : અમારી મંડળીમાં અભિષેક સાથે આશીર્વાદિત નવા વિશ્વાસીઓની સેવા માટે આવો ઈશ્વરની સ્તુતિ કરીએ.
- ૦૨ એપ્રિલ : આપણા દેશની સુરક્ષા માટે ઈશ્વરની સ્તુતિ કરીએ.
- ૦૩ એપ્રિલ : અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારને સર્વ દુષ્ટ પરિબળોથી સલામત રાખવા માટે ઈશ્વરની સ્તુતિ કરીએ.

## પ્રાર્થનાનાં મુદ્દાઓ / વિનંતીઓ

- ૦૪ એપ્રિલ : આપણા અંગ્રેજી સહ સંપાદક ભાઈ એમ. પોલરાજ અને નહેમ્યા બાઈબલ કોલેજના અધ્યક્ષ પાળક એમ. મુથ્થુની માંદગીમાંથી સંપૂર્ણ સાજાપણા માટે પ્રાર્થના કરીએ.
- ૦૫ એપ્રિલ : સર્વ દેશોની એકતા અને શાંતિ માટે પ્રાર્થના કરીએ.
- ૦૬ એપ્રિલ : આપણા વડિલ પાળક તેમની આત્મકથા કોઈપણ અડચણ વગર પૂરી કરી શકે તે તેમના પરના આશીર્વાદો માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ.
- ૦૭ એપ્રિલ : આપણી સંસ્થા, સર્વ કર્મચારીઓ તથા તેમના પરિવારોના હિત માટે આવો ઈશ્વરને પ્રાર્થના કરીએ.
- ૦૮ એપ્રિલ : અમારા ઓનલાઈન હિન્દી ઈશ્વરવિદ્યાના વર્ગો માટે પ્રાર્થના કરીએ.
- ૦૯ એપ્રિલ : અમારી નહેમ્યા બાઈબલ કોલેજો અને તેના વિસ્તરણ માટે પ્રાર્થના કરીએ.
- ૧૦ એપ્રિલ : કોવિડ-૧૯, ઓમિક્રોન વાઈરસોની દુનિયાભરમાંથી સંપૂર્ણ નાબૂદી કરવાની તેમની ખાસ કાળજી માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ.
- ૧૧ એપ્રિલ : નશા બંધાણીઓ અને દુષ્ટ તત્વોના સંપૂર્ણ રાહત માટે પ્રાર્થના કરીએ.
- ૧૨ એપ્રિલ : અમારી નાણાકિય અને દૈહિક જરૂરીયાતો પૂરી પાડવા ઈશ્વરને પ્રાર્થના કરીએ.
- ૧૩ એપ્રિલ : આપણા દેશને એકતામાં તથા વિકાસમાં મજબૂત કરવા ઈશ્વરને પ્રાર્થના કરીએ.
- ૧૪ એપ્રિલ : આપણા ઉત્તર ભારતના મિશનરીઓ અને તેમની ઉદારતાઓ માટે પ્રાર્થના કરીએ.
- ૧૫ એપ્રિલ : વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા ફેલાવવા અમને સહાય કરવા ઈશ્વરને પ્રાર્થના કરીએ.
- ૧૬ એપ્રિલ : સર્વ ધર્મો વચ્ચે એકતા રાખવા માટેના સમપર્ણ માટે પ્રાર્થના કરીએ.
- ૧૭ એપ્રિલ : અમારી મિનિસ્ટ્રીની દરેક માર્ગે અને દરેક રીતે વિસ્તરણ માટે પ્રાર્થના કરીએ.
- ૧૮ એપ્રિલ : અમારી મિનિસ્ટ્રીજમાંની નાણાકિય જરૂરીયાતો જેવી કે પગારો, છાપખાનાના કાગળો, ટપાલખર્ચ અને પરિવહન વગેરે માટે પ્રાર્થના કરીએ.

(પાન ૪ પરથી આગળ...)

ફળ શોધ્યુ હતુ. પણ તેના પર ફક્ત ઘણા બધા પાંદડા જ હતા. દ્રાક્ષાવાડીનો માલિક આ અંજીરીને ત્રણ વરસથી જોઈ રહ્યો હતો, પણ તેના પર ફળ આવતું ન હતું. તે માલિકે વાડીના માળીને તે કાપી નાખવા કહ્યુ, કેમ કે તે જમીનને કોઈ પરિણામ વગર રોકી રહ્યુ હતું. પણ માળીએ માલિકને વિનંતિ કરી કે તે તેને એક વર્ષ માટે રહેવા દે અને તે સમય દરમિયાન તે તેને ખોદશે અને તેને ખાતર આપશે.

ઈસુ પરિણામો આપવાના મહત્ત્વ વિશે બોલતા હતા. તેમણે આ દ્રષ્ટાંતમાં કહ્યુ હતુ દાક્ષાવાડીમાંના અંજીરીના ઝાડ માટે. (લૂક ૧૩:૬-૯). દ્રાક્ષાવાડીમાં અંજીરીને રોપવું અજુગતું હતું. પણ તેણે તેના ત્યાંના અસ્તિત્વ માટે ફળો આપવા જોઈએ.

દ્રાક્ષાવાડી ઈસ્રાએલ પ્રજાનું પ્રતિનિધિત્વ કરે છે. અંજીરી વિદેશીઓ છે જેમને ઈસ્રાએલના ભોગે ભાગ મળ્યો છે. ઈશ્વર અપેક્ષા રાખતા હતા કે વિદેશીઓએ પરિણામો/ફળો આપવા જોઈએ. તે તો ઈશ્વરનો નિયમ હતો કે દરેક ઝાડ જે સારા ફળ આપે નહિ, તેને કાપી નાખવા જોઈએ, અને તે અગ્નિમાં નખાય. (માથ્થી ૩:૧૦). તેથી, અંજીરીઓ વિદેશીઓએ તેમના અસ્તિત્વ માટે સારા ફળો આપવા જોઈએ.

માળી, ઈસુ ખ્રિસ્તે અંજીરીને માટે પિતાને વિનંતી કરી કે તેને વધુ એક વર્ષ રાખે, જે સમયમાં, તેઓ તેના પર વધુ ધ્યાન આપશે, તેને ખાતર આપશે અને બીજુ બધુ કરશે. અહિ ખાસ કાળજી એ બતાવે છે કે પવિત્ર આત્મા રેડવામાં આવશે જે વિશ્વાસીને મજબૂતીથી વધવા અને ફળો આપવામાં સહાય કરશે. ઈસુએ લોકોને વધુ ફળો આપવા માટે તેમને વળગી રહેવા કહ્યુ! (યોહાન ૧૫:૫).

ઈશ્વરપિતા જેઓ આકાશમાં તેમના રાજ્યાસન પર બેઠા છે, તેમની આંખો મનુષ્યોને જુએ છે તથા તેનાં પોપચાં પારખે છે. (ગીતશાસ્ત્ર ૧૧:૪). તેઓ નેક ન્યાયધીશ છે અને ન્યાયપણાથી દુનિયાનો અને સત્યતાથી લોકોને ન્યાય કરશે.

કેમ કે તે આવે છે, તે પૃથ્વીનો ન્યાય કરવા આવે છે; તે યથાર્થપણે જગતનો અને તેની સત્યતાએ લોકોનો ન્યાય કરશે. (ગીતશાસ્ત્ર ૯૬:૧૩)

દુનિયાના લોકોને (વિદેશીઓને) અંધકારમાંથી બહાર લાવવા માટે ઈશ્વર પાસે ખાસ યોજના છે. તેમણે તેમના એકાકીજનિત દીકરા ઈસુ ખ્રિસ્તને શેતાનને કિંમત ચૂકવીને મોકલ્યા. અને તેઓને શેતાનના બંધનમાથી છોડાવ્યા છે. ઈસુએ તેમનું રક્ત વહેડાવીને દરેક માટે કિંમત ચૂકવી છે. જો દરેક જણ વધસ્તંભ તરફ જુએ અને કબુલાત કરે કે ઈસુ ખ્રિસ્ત તેના/તેણીના તારણ માટે વધસ્તંભ પર મૃત્યુ પામ્યા છે, તો તેઓ તેમના પાપ માફ કરશે અને તેમને તેમના પોતાના દીકરા તથા દીકરીઓ જેવા બનાવશે. (યોહાન ૧:૧૨, ૩:૧૬).

અને ઈશ્વર પ્રભુએ બંડખોરનો, પાઉલનો હાથ વિદેશીઓને સુવાર્તા આપવા પકડી લીધો હતો. આપણા પ્રભુ કાળજી રાખે છે કે દરેકનું તારણ થાય જેથી કોઈ નાશ ન પામે. ઈસ્રાએલીઓએ, તેમના પોતાના લોકોએ પ્રભુ ઈસુ ખ્રિસ્તનો મસીહા તરીકે નક્કાર કર્યો હતો અને ભટકી ગયા હતા. તેઓએ તેમના હૃદયો કઠણ કર્યા હતા. એમ વિદેશીઓના તારણ માટેનો માર્ગ મોકળો કર્યો હતે. જેમ અંજીરીએ દ્રાક્ષાવાડીમાં સ્થાન મેળવ્યું હતું. અંદર પ્રવેશ્યા પછી તેમણે પરિણામો બતાવવા જોઈએ.

## જૈતવૃક્ષ!

જૈતૂન ઈસ્રાએલ દેશમાં એક મહત્ત્વનો પાક છે. જૈતૂન અને દ્રાક્ષાવાડીઓ મુખ્ય પાક છે જે ઈસ્રાએલના દરેક ભાગમાં પેદા થાય છે. જૈતૂન આવક આપનાર પાક છે. કારણ કે તેના બીમાંથી તેલ પેદા થાય છે. જૈતૂનનું તેલ દુનિયાભરમાં ઘણું જાણીતું છે.

આપણે જોયું કે જૈતૂન આવક આપનાર પાક છે. આપણે પવિત્રશાસ્ત્રમાં એક પ્રસંગ જોયો છે. ઈસ્રાએલમાંનો એક પ્રબોધક દેવામાં મરી જાય છે. તેના લેણદારો આવે છે અને વિધવાને હેરાન કરે છે કે તેણી દેવું ભરપાઈ કરે નહિ તો તેણી તેણીના બન્ને દીકરાઓને ગુલામ તરીકે તેઓને આપે. શું કરવું તે જાણતી ન હોવાથી, વિધવા એલિશા પ્રબોધક પાસે દોડી જાય છે અને પોતાની કહાણી જણાવે છે. પ્રબોધકે તેણીને કહ્યું કે, ''હું તારે સારું શું કરું? મને કહે; તારી પાસે ઘરમાં શું છે?'' તે ગરીબ સ્રીએ કહ્યું કે, તેણીની પાસે ઘરમાં એક તાંબડી તેલ સિવાય બીજું કંઈ નથી. પ્રબોધકે તેણીને કહ્યું કે, તેણી બહાર જઈને તેણી સારું ખાલી વાસણો માગી લાવે અને તેણીએ તેમ કર્યુ. એલિશાએ તેણીને બારણું બંધ કરવા કહ્યુ અને તે ખાલી વાસણોમાં તેલ રેડવા કહ્યુ અને તેણીએ સર્વ વાસણોમાં ભર્યુ અને તેણીના દીકરાઓએ તેણીને કહ્યું કે હવે ત્યાં કોઈ ખાલી વાસણ નથી! એટલે તેલ બંધ પડ્યું. પ્રબોધકે તેણીને તે તેલ વેચી આવવા અને તેણીનું દેવુ વાળવા કહ્યું, અને ગુજરાન ચલાવવા કહ્યું. (૨ રાજાઓ ૪:૧-૭). જૈતૂનનું તેલ તેણીને તેણીનું દેવુ ભરપાઈ કરવામાં કામ આવ્યું હતું.

પાઉલ રોમનોને પત્ર ૧૧:૧૭માં વિદેશીઓના તારણનો સંબંધ ઈસ્રાએલીઓને ભોગે ગણાવે છે, જેમણે તારનારનો નકાર કર્યો હતો.

''પણ જો ડાળીઓમાંની કેટલીકને તોડી નાખવામાં આવી, અને તું જૈતૂન છતાં તેઓમાં કલમરૂપે મેળવાયો, અને જૈતૂનની રસ ભરેલી જડનો સહભાગી થયો,'' (રોમનોને પત્ર ૧૧:૧૭)

પાઉલ ઈસ્રાએલીઓની કિંમતે વિદેશીઓના તારણને સંબંધિત કરે છે. આ માટે જૈતવૃક્ષની કેટલીક ડાળીઓ તોડી નાખવામાં આવી હતી અને તેની જગ્યાએ જંગલી જૈતવૃક્ષો (વિદેશીઓ) રોપવામાં આવ્યા હતા. પ્રભુ ઈસુ ખ્રિસ્ત કહે છે, ''...કેમ કે તારણ યહૂદીઓમાંથી છે...'' (યોહાન ૪:૨૨). પાઉલે કહ્યુ કે, ''... વિદેશીઓની સંપૂર્ણતા માંહે આવે ત્યાં સુધી ઈસ્રાએલમાં કેટલેક ભાગે કઠિનતા થઈ છે.'' (રોમનોને પત્ર ૧૧:૨૫). ઈસ્રાએલના કેટલાક લોકોએ તેમના હૃદય કઠણ કર્યા હતા અને તેઓ તેમ જ રહેશે જ્યાં સુધી વિદેશીઓની પરિપૂર્ણતા થશે નહિ. તેથી, તે તો વિદેશીઓએ આ તારણની તક ઝડપવાની છે અને પોતાને ઈશ્વરના રાજ્યમાં પ્રવેશવા યોગ્ય કરવાના છે.

ઈશ્વરે તેમના લોકોને દુનિયામાં તેડ્યા હતા અને તેમને ખાસ કૃપાદાનો આપ્યા હતા, જે બીજાઓને આપ્યા ન હતા. તેથી ઈશ્વર તરફથી તેડું અને કૃપાદાનો તેમના

લોકો માટે ચોક્કસ મળવાના છે. (રોમનોને પત્ર ૧૧:૨૯).

તેથી ઉધ્ધારનાર સિયોનમાંથી આવશે અને યાકૂબમાંથી અવિશ્વાસ દૂર થશે.

સ્વર્ગમાં તણાઈ ગયા પછી, ઈસ્ત્રાએલીઓને ઈશ્વરના રાજ્યમાં ખાસ વારસાની તક મળશે. જ્યારે મંડળીને પકડવામાં આવી હતી, ત્યારે ચાર દૂતાને પૃથ્વીના ચાર વાયુઓને અટકાવી રાખતા જોયા, જેથી તે વાયુઓ પૃથ્વી પર, સમુદ્ર પર તથા કોઈ ઝાડોને ઉપદ્રવ ન કરે. બીજો એક દૂત, જેની પાસે જીવતા ઈશ્વરની મુદ્રા હતી, તેણે તે ચાર દૂતોને મોટેં ઘાંટે હાંક મારી અને કહ્યું કે, ''અમે અમારા દેવના દાસોના કપાળ પર મૂદ્રા કરી ન રહીએ. ત્યાં સુધી તમે પૃથ્વીને અથવા સમુદ્રને અથવા ઝાડોને ઉપદ્રવ કરશો નહિ.'' જેઓ મુદ્રિત થયા હતા તેઓ દરેક કુળના ૧૨૦૦૦ના લેખે ૧૪૪૦૦૦ હતા. દાનનું કુળ તેમાં નથી અને તેને બદલે મનાશ્શાનું કુળ છે, એમ ૧૨ કુળો થયા. આ મુદ્રિત વ્યક્તિઓ પ્રથમ ૩$^1/_2$ વર્ષોની સતાવણી દરમિયાન સપડાશે જ્યારે ખ્રિસ્તવિરોધી દુનિયા પર રાજ કરતો હશે.

આ ૧૪૪૦૦૦ વ્યક્તિઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તના ખાસ લોકો છે, જેમણે સ્ત્રીઓનો સંસર્ગ કર્યો ન હતો, જેનો અર્થ કે તેમણે પોતાને મૂર્તિપૂજાથી, એટલે કે પ્રકટીકરણના ૧૭માં અધ્યાયમાં વર્ણવેલી મોટી વેશ્યાની પૂજાથી પોતાને અશુધ્ધ કર્યા ન હતા. તેઓએ રાજ્યાસન આગળ નવું ગીત ગાયુ અને આ ૧૪૪૦૦૦ જેઓનો પૃથ્વી પર ઉધ્ધાર કરવામાં આવ્યો હતું. તેઓ સ્ત્રીથી અશુધ્ધ થયા ન હતા અને જ્યાં કહી હલવાન જ્યાં કહી જાય, તેઓ તેની પાછળ જતા હતા. મંડળી સ્વર્ગમાં તણાઈ ગયા પછીના તેઓ પ્રથમ જૂથના લોકો હતા.

૧૪૪૦૦૦ને સ્વર્ગમાં તણાઈ ગયા પછી તજી દેવામાં આવ્યા હતા કેમ કે તેઓએ પવિત્રતા અને સમર્પિતાનું ધારણ જાળવ્યું ન હતું. પણ તેઓ ઈશ્વરના વચનમાં અને તેમના વિધિઓમાં દ્રઢ હતા અને તેઓએ મૂર્તિપૂજાથી પોતાને અશુધ્ધ કર્યા ન હતા. તેથી ઈશ્વરે ખાસ સંકેત આપ્યો હતો.

## યહૂદીઓની તારણની છેલ્લી તક!

યહોવા પ્રભુ હજુ પણ બચી ગયેલા યહુદીઓને બચાવવા ઈચ્છતા હતા, જેઓને સ્વર્ગમાં તણાઈ જતી વખતે તજી દેવામાં આવ્યા હતા. ઈશ્વરનું વચન કહે છે, ''કેમ કે દેવનાં કૃપાદાન તથા તેડું રદ જાય એવાં નથી.'' (રોમનોને પત્ર ૧૧:૨૯)

જો કે તેઓએ મસીહાનો નકાર કર્યો હતો, તો પણ ઈશ્વર વિશ્વાસુ હતા. પવિત્રશાસ્ત્ર કહે છે.

''હું દાઉદના વંશજો પર તથા યરૂશાલેમના રહેવાસીએ પર કૃપાનો તથા વિનંતીનો આત્મા રેડી; અને મને, જેને તેઓએ વીંધ્યો છે, તેની તરફ તેઓ જોશે; અને જેમ કોઈ પોતાના એકનાએક પુત્રને માટે શોક કરે તેમ તેઓ તેને માટે શોક કરશે, ને જેમ કોઈ પાતાના જ્યેષ્ઠ પુત્રને માટે દુઃખી થાય તેમ તેઓ તેને લીધ દુઃખી થશે.'' (ઝખાર્યા ૧૨:૧૦).

જો કે યહૂદીઓએ મસીહાનો નકાર કર્યો હતો, અને તેમને નારાજ કર્યા હતા, તો પણ યહૂદીઓની વિનંતીથી પ્રભુ તેમની પર કૃપાનો આત્મા રેડવા પ્રસન્ન હતા અને તેઓ તેમના ખોટા કામોને લીધે શોક કરશે. તો પણ છેલ્લા દિવસોમાં, બે તૃતીયાંશને કાપી નાખવામાં આવશે અને તેઓ મૃત્યુ પામશે. (આ કદાચ ખ્રિસ્તવિરોધીના ૩$^1/_2$ વર્ષના શાસન દરમિયાન થશે) અને એક તૃતીયાંસને અગ્નિથી બચાવવામાં આવશે, જે સખત પરિક્ષણથી થશે. (ઝખાર્યા ૧૩:૮. ૯)

પાન ૯ પર આગળ...

## ઇકો ઓફ હીઝ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, ''નવુ જીવન-તમારા માટે'' એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

વધુ માહિતી માટે અમારા પર લખો

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## TAX EXEMPTION

Donations by any individual or organization from India to **Echo of His Call Educational Trust** are eligible for Income Tax exemption under Section 80G of the Income Tax Act. Official receipts will be issued for this purpose. Please make your Demand Drafts / Cheques / M.O. for such donations in favour of **Echo of His Call Educational Trust** and send to us.

| | | |
|---|---|---|
| **Account Name** | : | **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : | **1023 2923 805** |
| **Bank Name** | : | **STATE BANK OF INDIA** |
| **Branch** | : | **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : | **SBIN 0000249** |
| **SWIFT Code** | : | **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

### મારો ઉછેર કેવી રીતે થયો હતો?

મારે જન્મ ૩જી જૂન, ૧૯૪૯ના રોજ થયો હતો. હુ મારા કુટુંબમાં પ્રથમ પુરૂષ બાળક હોવાથી, મારા માતાપિતા, દાદાદાદીઓ અને કુટુંબના સભ્યો મને ખ્રિસ્તી પાળક બનાવવા માગતા હતા. તેથી તેમણે મારો ઉછેર પ્રાર્થનામાં તથા પવિત્રશાસ્ત્રના જ્ઞાનમાં ર્ક્યો હતો.



મારે મંડળીની રવિવારની સાબ્બાથ શાળામાં ભાગ લેવો પડતો હતો. અમારું દેવળ ખેતરની વચ્ચે હતું. ત્યાં જવા માટે બરાબર રસ્તો ન હતો. રવિવારે અને બીજા દિવસોએ પણ મારા ઘણા કાકાઓ મને તેમના ખભા પર ઉંચકીને લઈ જતા હતા. મારી માતા અને મારી કાકી મારી પડખે રહેતા હતા.

મારા બાળપણના દિવસોમાં સાબ્બાથ શાળાના શિક્ષકો, રેવ. ઈલિયાસ, બેબી, ડેઅઝી, બહેન રેથનામ, જ્ઞાનસેલ્વમ કાકી અને ગ્રેસે મને પ્રભુ ઈસું ખ્રિસ્તમાં દોર્યા હતા. હું એક સાધારણ બાળક હતો અને માંદો રહેતો હતો. તેથી મારા શિક્ષકો મને ઘણો પ્રેમ કરતા હતા.

**Echo of His Call - YouTube**

Kindly view and subscribe our **Echo of His Call YouTube Channel** when you get time. Thanks. – Editor

### ઈશ્વર જે નાના બાળકોને પ્રેમ કરે છે

મારી માતા પૂરા મનથી વિશ્વાસ રાખતા હતા કે તેણી ઈશ્વરના ભાવી સેવકને ઉછેરી રહી છે. ઈશ્વરના બાળક તરીકે તેણી મારી વિશેષ કાળજી લેતા હતા અને તેથી તેણી ધ્યાન રાખતા હતા કે હું મંડળીની સવારની, બપોરની અને સાંજની ભજનસેવામાં ભાગ લઉં.

મારી માતા મને તેમની પાસે બેસાડતા હતા અને મને ગીતો ગાવામાં તથા ઈશ્વરના વચનો ધ્યાનથી સાંભળવામાં પ્રોત્સાહિત કરતા હતા. તે દિવસોમાં રેવ. આઈ.આર.એચ. જ્ઞાનદાસન નેય્યાર મુખ્ય મંડળીના વડા પાળક હતા. તેમણે મારું સમર્પણ ર્ક્યું હતું અને મારું નામ સામ સેલ્વરાજ (નામકરણ) રાખ્યું હતું. તેમણે એમ કહેતા મને આશીર્વાદ આપ્યો હતો, "આ બાળક શમુએલ જેવો મોટો થશે. તે ધનવાન માણસ પણ બનશે અને ઈશ્વરનો એક આગળ પડતો સેવક પણ બનશે."

તે દિવસોમાં, નાતાલમાં મારા માતાપિતા અને હું ઘણા ખૂશ રહેતા હતા. બાળકો દર વર્ષે પવિત્રશાસ્ત્રની કલમો મોઢે કરતા અને બોલતા અને બક્ષિસો મેળવતા. વર્ષ ૧૯૫૨માં મેં મોઢે કરેલી અને બોલેલી કલમ મને યાદ છે,

"પછી દૂતની સાથે આકાશી સેનાનો સમુદાય એકાએક પ્રગટ થયો; તેઓ દેવની સ્તુતિ કરીને કહેતા હતા કે" (લૂક ૨:૧૩)

૧૯૫૬માં જ્યારે હું ૭ વર્ષનો હતો, ત્યારે હું અમારા પાળક રેવ. દેવાદાસના વચનના ઉપદેશને સાંભળતો હતો. તે સમયે પવિત્ર આત્માએ પોતાને મારી આગળ સામર્થ્યથી પ્રગટ ર્ક્યો હતો. હું સ્પષ્ટપણે પ્રભુ ઈશ્વરનો સંદેશો સાંભળી શકતો કે ઈશ્વર મને પ્રેમ કરે છે. કેમ કે તેની અસર મારામાં ઘણી થઈ હતી, હું મોટેથી રડવા લાગ્યો હતો. હું સ્પષ્ટપણે મારામાં ઈશ્વરની હાજરીનો અનુભવ કરી રહ્યો હતો. મારી માતા ધ્યાનથી મારું નિરીક્ષણ કરી રહી હતી.

જ્યારે ભજનસેવા પૂરી થઈ, મે મારી માતાને પૂછ્યું, "મા, શું પાળક સ્વર્ગમાં જઈ શકશે અને ઈસુને જોઈ શકશે?" મારી માતાએ જવાબ આપ્યો કે, "જ્યારે તું જગતમાં રહે છે, ત્યારે જો તું વિશ્વાસ કરશે અને ઈસુને તારા હૃદયમાં સ્વીકારીશ, ત્યારે તારી ઈચ્છા નક્કી પૂરી થશે."

આમ, પ્રભુ ઈસુને મારા હૃદયમાં મારા તારણહાર તરીકે સ્વીકારવામાં મારી માતાએ મને સહાય કરી હતી. તે દિવસથી, મારામાં એક જુદા આત્માને કામ કરતા હું અનુભવી રહ્યો હતો અને હું હમેશાં ઈશ્વરની હાજરી અનુભવતો હતો.

મને કાન્નાતુવિલાઈની સરકારી પ્રાથમિક શાળામાં પ્રથમ વર્ગમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તામિલ મારી પ્રથમ ભાષા હતી. મારી દાદી મને દરરોજ શાળામાં લઈ જતી અને સહીસલામત પાછી લઈ આવતી હતી. જ્યારે દરરોજ હું શાળામાં જવા નીકળતો ત્યારે મારી માતા મારા માથા પર તેણીનો જમણો હાથ મૂક્તી અને પ્રાર્થના કરતી; "વહાલા ઈશ્વર આજે મારો દીકરો જે પણ પાઠ શીખે, તે તમારા રાજ્યના ભવિષ્યના વિસ્તરણ માટે સહાયરૂપ થવા દો."

મારી શાળામાંના શિક્ષકો પણ માનતા હતા કે હું ભવિષ્યમાં ઈશ્વરનો સેવક થઈશ. તેથી તેઓ મને પ્રેમ કરતા અને મને શ્રેષ્ઠ શિક્ષણ આપતા હતા. પણ ત્યારે હું મસ્તીખોર બાળક હતો. મારા પાચમાં ધોરણ સુધી તે ગ્રામ્ય શાળામાં અંગ્રેજી શીખવવામાં આવતુ ન હતું.

૧૯૫૭માં, મને મારા રવિવારની સાબ્બાથ શાળાના શિક્ષિકા, બહેન રેથનામે

જણાવ્યું કે મારું નામ પવિત્રશાસ્ત્ર કલામ વાંચન પાઠ સ્પર્ધામાં સામેલ કરવામાં આવ્યું નથી. તેણીએ કહ્યું કે, ''જો તે ઈશ્વરની ઈચ્છા હશે, તો તને આવતા વર્ષે તક મળશે.''

હું હૃદયથી ભાંગી પડ્યો હતો અને તે વાત રડતા રડતા મારી માતાને જણાવી હતી. મારી માતાએ સલાહ આપી અને કહ્યું, આવતા ગુરુવારે, શુક્રવારે અને શનિવારે તારું રાત્રીનું ભોજન ઓછું કર અને ઈશ્વરની આગળ ઘૂંટણિયે પડ અને ઈસુ બાપને કહે જે તે હમણા મને કહ્યું છે.'' તેણીએ મને બે ગીતો ગાતા શીખવાડ્યા હતા.

**I. ''જે બાળકને ઈશ્વર ચાહે છે,**
**તે મુશ્કેલીમાં ગભરાતો નથી,**
**તેમ ઈસુ તેમની સેવામાં તારી સંભાળ લેશે...''**

**II. મારા આત્માના વહાલા ઘેટાપાળક!**
**મારા હૃદયનાં આનંદ!**
**તમારી પાસે વધુ નજીક આવવા,**
**હું ધીરજથી આગળ આવું છું.**
**કોરસ...**
**જ્યારે હું પ્રાર્થના કરું, બોલ!**
**મને તારી ઈચ્છા બતાવ,**
**તેમ કરવા તૈયાર થા.**

**૧. જેઓ ખરા ઉધ્ધારનારની આજ્ઞાઓ પાળે છે,**
**તેમના આત્મા માટે તેમને દિલાસાની જગા મળો,**
**આ જગામાં મને પણ પ્રાપ્ત કરવા દો,**
**મારા વહાલા, મારી પ્રાર્થના સાંભળો.**
**– બોલ**

**૨. પાપીઓ તરફનો તમારો પ્રેમ**
**મારા વર્તનથી બતાવવા દો**
**કાલવરીના આત્માથી મારો અભિષેક કરો.**
**જેથી હું મારી લડાઈ જીતી શકું.**
**– બોલ**

**૩. મારા જીવનના સર્વ દિવસોમાં,**
**હું તમે જે માર્ગમાં ચાલો છો, તે માર્ગમાં ચાલીશ,**
**મારું જે છે તે હું મારી ઈચ્છાથી આપીશ,**
**ઓ ઉધ્ધારક, મને તમારું સામર્થ્ય આપો.**
**– બોલ**

મેં તે ત્રણ દિવસો સુધી ગીત ગાયા કર્યા અને આસુંઓ સાથે ઈસુને પ્રાર્થના કરી કે હું કદાચ મારી મંડળીનાં નાતાલના દિવસે તે કલમ મોઢે બોલવાની તક મેળવી શકું.

પ્રથમ વખત, ઈશ્વરે મારી પ્રાર્થનાનો જવાબ આપ્યો હતો. જ્યારે તે રવિવારે મારું કુટુંબ મંડળીની ભજનસેવામાં જઈ રહ્યું હતુ, અમારા પાળક દેવાદાસ માર્ગમાં અમને મળ્યા. તે સમયે, તેઓ અચાનક મારી તરફ ફર્યા અને પૂછ્યું, ''આ નાતાલે તેઓએ તને કઈ કલમ કે ગીતનું પઠણ કરવા કહ્યું છે?'' મારી માતાએ કહ્યું કે ''કોઈ નહિ.''

પાળકે મને કહ્યું કે ''બીજા બાળકો ફક્ત એક કલમ મોઢે બોલશે. પણ તારે ગીતશાસ્ત્ર ૨૩ની સઘળી કલમો મોઢે કરીને બોલવાની છે.'' મેં ગીતશાસ્ત્ર ૨૩ની સઘળી છ કલમો શીખીને મોઢે કરી અને ભજનસેવામાં કોઈપણ ભૂલ વગર મોઢે બોલી બતાવી. તેથી તેમણે મને પ્રથમ ક્રમાંકના બક્ષિસ માટે પસંદ કર્યો અને મને સુંદર સાબુ રાખવાનો ડબ્બો આપ્યો હતો.



આ ઘટનાએ મને ઈસુ તરફ જોતા મારામાં ઘણો આનંદ ઉત્પન્ન કર્યો અને મારી હિંમત વધારી હતી. મેં પ્રાર્થનામાં ઘણો વિશ્વાસ અને ભરોસાનો વિકાસ કર્યો હતો.

''મને હાંક માર.'' (યર્મિયા ૩૩:૩), મારી દોરવણીની કલમ બની ગઈ હતી. તે દિવસથી, મે પ્રાર્થનામાં ઈશ્વરની સાથે સંબંધ રાખવાની શરૂઆત કરી હતી.

- * - * - * -

(પાન ૭ પરથી આગળ...)

લોકો, યહૂદીઓ કે વિદેશીઓ નસીબદાર છે, જો તેઓ સ્વર્ગમાં લઈ લેવામાં આવે તો. સ્વર્ગમાં ખંચાઈ જવા પછી, ફક્ત યહૂદીઓને જ ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ કરવાની તક આપવામાં આવી છે. તે પણ નસીબને વળગી રહેવા કે સખત પરિક્ષણમાંથી પસાર થાય તો જ! તેથી આજે તારણને, દિવસ છે અને પ્રભુ ઈસુ ખ્રિસ્તને પ્રેમપૂર્વક ભેટવાનો યોગ્ય દિવસ છે, તેમના પોતાના દીકરા તરીકે સ્વર્ગમાં તણાઈ જવાની ચોક્કસ તક મેળવવા માટે.

ઈસ્રાએલીઓના જીવનમાં દ્રાક્ષાવેલો ઘણો મહત્વનો છે. તે સખત મહેનત માગનારો વ્યવસાય છે. ઘણા લોકો તેમાં સામેલ હોય છે. દ્રાક્ષારસ લગ્ન સમારોહમાં અને ઘરોમાં મોટા પ્રમાણમાં વપરાય છે.

અંજીરી સર્વ બાજુએ તેની ડાળીઓ પસારતા, ઘણું ફેલાતું ઝાડ છે. તે ઈસ્રાએલ દેશમાં મોટા પ્રમાણમાં ઉગે છે. તે ભારતમાં પણ ઉગે છે. તે રેસાવાળા ફળ તરીકે વપરાય છે અને દવાનો ગુણ ધરાવે છે. તે મોસમોમાં ફળો આપે છે. એક દિવસ ઈસુ અને તેમના શિષ્યો બેથનિયામાંથી બહાર નીકળ્યા હતા. ઈસુ ભૂખ્યા થયા હતો. તેમણે પાંદડાથી ભરપૂર અંજીરી જોઈ. ઈસુએ અંજીરીને શાપ આપ્યો કે, ''હવેથી કોઈ તારા પરથી કદી ફળ ન ખાઓ.'' (માર્ક ૧૧:૧૨-૧૪)

''અંજીરી દ્રાક્ષાવાડીમાં'' એ વિદેશીઓનું યહૂદીઓમાં રોપાવાનું પ્રતીક છે. કેમ કે તારણ યહૂદીઓ માટે છે! ઈશ્વરે તેમની ભરપૂર કૃપામાં, તે વિદેશીઓને પણ આપ્યું છે. વિદેશીઓએ આ તક ઝડપી લેવી જોઈએ અને ફળો આપવા જોઈએ, નહિ તો તેમને કાપીને અગ્નિમાં નાખી દેવામાં આવશે.

જૈતૂન આવકનો પાક છે. તે ઈસ્રાએલ દેશમાં મોટા પ્રમાણમાં ઉગે છે. તે તેના તેલ માટે જાણીતું છે. તે રાંધવા, પ્રકાશ આપવા અને અન્ય વૈદકિય હેતુઓ માટે વપરાય છે. જ્યારે તે ચહેરા પર લગાડવામાં આવે છે, ત્યારે ચહેરો ચમકે છે!

''વળી માણસના હૃદયને આનંદ આપનાર દ્રાક્ષારસ, તેના મોઢાને તેજસ્વી કરનાર તેલ, અને તેના અંતઃકરણને બળ

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

આપનાર રોટલી (ઘઉં અને અંજીરી) તે નીપજાવે છે". (ગીતશાસ્ત્ર ૧૦૪:૧૫)

આવો આપણે, દ્રાક્ષાવેલા, અંજીરી અને જૈતૂનની જેમ દેશ માટે ઉપયોગી બનીએ અને તેના કરતા વધુ આપણા ઉધ્ધારક અને તારનાર ઈસુ ખ્રિસ્ત માટે! હાલેલુયા!

- * - * - * -

## OUR BANK DETAILS:

**1. Bank : State Bank of India**

Branch : Triplicane, Chennai-5
Name : S. Sam Selva Raj
A/C No. : 1023 2934 679
IFSC : SBIN 00 00 249
SWIFT CODE : SBI NIN BB 455

**2. Bank : ICICI Bank**

Branch : Anna Salai, Chennai-6
Name : Echo of His Call
A/C No. : 6038 0502 2319
IFSC : ICIC 000 6038

**3. Bank : State Bank of India**

(This Account is for Tax Exemption for Indians only )

Branch : Triplicane, Chennai-5
Name : Echo of His Call Educational Trust
A/C No. : 1023 2923 805
IFSC : SBIN 00 00 249

Google Pay: 98410 71858
PayPal : SAM SELVA RAJ
*****
E.mail : sam@echoofhiscall.org

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATIONS BY ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/21-23
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 16th MARCH 2022

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by S. Sam Selva Raj from New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**